આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૨૫-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## પ્રધાનમંત્રી-ICA ૧ ગ્લોબલ કોન્ફરન્સનું ઉદઘાટન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ICA ગ્લોબલ કોઓપરેટિવ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. ભૂટાનના પ્રધાનમંત્રી અને ફિજીના નાયબ પ્રધાનમંત્રી પણ આ સંમેલનમાં હાજરી આપી રહ્યા છે. ગ્લોબલ કોન્ફરન્સનું આયોજન ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ દ્વારા ICA અને ભારત સરકાર અને ભારતીય સહકારી અમુલ અને ક્રિભકોના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. ભારત મંડપમ ખાતે છ-દિવસીય પરિષદ શ્રેણીબદ્ધ કાર્યક્રમો અને ચર્ચાઓ માટે વિશ્વભરમાંથી સહકારી સંસ્થાઓ એકત્ર થશે. આ પરિષદ બધા માટે સામૂહિક, શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ભવિષ્ય બનાવવા માટે સહકારી સંસ્થાઓની ભૂમિકાની શોધ કરશે.

**(NEWSONAIR/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## લોકસભા-શિયાળુ સત્રનો આરંભ

**સંસદનુ શિયાળુ સત્રનો આજથી આરંભ થયો હતો. સવારે અગિયાર વાગે લોકસભાની કાર્યવાહી શરૂ થઇ હતી. સત્રના પહેલા દિવસને પરંપરા અનુસાર બે વર્તમાન લોકસભાના સાંસદ અને ત્રણ પૂર્વ સાંસદોના નિધન પર શોક ઠરાવ પસાર કરીને સદગત સભ્યોને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી હતી અને ગૃહની કામગીરી બાર વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.**

**જોકે બપોરના બાર વાગ્યે ગૃહની કામગીરીનો પ્રારંભ થતા જ વિપક્ષોએ હોબાળો મચાવ્યો હતો જેને કારણે અધ્યક્ષે ગૃહની કામગીરી 27મી નવેમ્બર બુધવારના સવારે અગિયાર વાગ્યા સુધી મુલતવી રાખી દીધી હતી.**

**(NSD/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## જિલ્લા ખેતીવાડી સહાય-અરજી

ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા ખેડૂતો www.ikhedut.gujarat.gov.in પોર્ટલ પરઅરજી કરી શકશે. ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના ઘટકો જેવા કે કિસાન પરિવહન યોજના અંતર્ગત માલવાહક વાહન તથા ટ્રેક્ટર ટ્રેલર ઘટક માટે Ikhedut portal પર ઓનલાઈન અરજીઓ માટે આવતીકાલે તા.૨૬મી નવેમ્બર  થી તા. ૦૨ ડીસેમ્બર ૨૦૨૪ સુધી પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનારછે. ખેતીવાડીની યોજના હેઠળ લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોને અરજી કરવા તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## ધોરડો રણોત્સવ-ક્રાફ્ટ/ખાણીપીણી સ્ટોલ

ધોરડો રણોત્સવ ૨૦૨૪-૨૫ દરમ્યાન હસ્તકળા સાથે સંકળાયેલ તથા તે પ્રકારની વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ થાય તે માટે ક્રાફ્ટ સ્ટોલ તથા ખાણી-પીણી માટે ફૂડ સ્ટોલ બજાર ટેન્ટસીટી પાસે ઊભી કરવામાં આવનાર છે. આ ક્રાફ્ટ સ્ટોલ તથા ફૂડ સ્ટોલ બજારમાં રસ ધરાવતા સખી મંડળ/સ્વ સહાય જુથના સભ્યો /કારીગરો ની અરજીઓ સ્વીકારવામાં આવેલ. જે અંતર્ગત ક્રાફ્ટ તથા ફૂડ સ્ટોલ માટે આવેલ અરજીઓનો કમ્પ્યુટરાઇઝ ડ્રો તા.૨૭ નવેમ્બર,બુધવારના ૧૧:૦૦ વાગ્યે ભુજ હાટ ખાતે રાખવામાં આવેલ છે.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## અંજાર-જિલ્લા કક્ષાનો ભુલકામેળો

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં આપવામાં આવતા પૂર્વ પ્રાથમિક શિક્ષણને સઘન બનાવવા અને આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની તેઓ સજ્જતા કેળવી શાળામાં પ્રવેશ મેળવે તે માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ના સંદર્ભે પા પા પગલી પ્રોજેકટનો અમલી છે. જે અંતર્ગત સમાજમાં બાળકના જીવનમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ અને જાગૃતિ કેળવવા માટે જિલ્લા કક્ષાએ ભુલકા મેળો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાકક્ષાનો કાર્યક્રમ તા.૨૯ નવેમ્બર શુક્રવારના સવારે ૧૦.૦૦ વાગ્યાથી અંજાર ટાઉનહોલ ખાતે રાખવામાં આવ્યો છે.જેમાં ટીએલએમના પ્રદર્શનનું પણ આયોજન કરાયુ છે.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

---

## મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અમિત અરોરાના સીધા માર્ગદર્શન હેઠળ હાલ સમગ્ર કચ્છ જિલ્લામાં SSR ૨૦૨૫અને મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અમલમાં છે ત્યારે આ કાર્યક્રમનો વધુને વધુ પ્રચાર પ્રસાર થાય તેવા હેતુથી જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.

જે યુવક – યુવતીઓ તા.૧ જાન્યુઆરી ૨૦૨૫સુધી ૧૮વર્ષ પૂર્ણ કરેલાહોય તેઓ મતદાર યાદીમાં નામ નોંધાવી શકે છે. તા.૨૮મી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન પોતાનું નામ,ગામ કે શહેર મતદાર યાદીમાં નોંધાવી શકે છે.SVEEP હેઠળ આ તમામ બાબતોનો વધુને ને વધુ પ્રચાર અને પ્રસાર થાય તેવા હેતુસર જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ ઉપરાંત કોલેજોમાં રંગોળીઓ દોરીને તથા રેલી યોજીને વિદ્યાર્થીઓના માધ્યમથી ઘર ઘર સુધી SSR ૨૦૨૫અને મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

---